PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/કવા–૦૨/૧૭–૧૮/ ૭૦૨૨ તા. 23/08/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બાલેશ નરસંગ છૈયા,
ગામ: સુવરડા,
તા. જી. જામનગર
મો: ૯૯૨૪૦ ૧૯૬૨૧

વિષય :–નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૪–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૧/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૪)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૧/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગઃ તા. ૨૨–૦૮–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામઃ બાલેશ નરસંગ છૈયા, ગામઃ જામનગર

રજુઆત કરનારઃ અરજદાર હાજર રહેલ ન હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)

રજૂઆત કરનાર :પી.એલ.ગોહિલ – કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર

## : હુકમ :

ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની મુળ તા.૦૨–૦૨–૧૨ ના રોજની, તેમના ગામઃ સુવરડા ના ખેતીવાડી સર્વે નંબર : ૮૫ / ૧ પૈકી ૧ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, મુળ અરજી, જે તેઓ શ્રી ના '' પિતાશ્રી નરસંગભાઈ દેવાભાઈ ના નામે '' નોંધાયેલ છે. અને હાલ, તેમના પિતાશ્રી નુ, તા.૧૨–૧૨–૧૧ ના રોજ અવસાન થયેલ છે. આ બાબત, રેકર્ડ આધારીત યોગ્ય અને વ્યાજબી હોય, તેઓ શ્રી ની સદર મુળ તા.૦૨–૦૨–૧૨ ના રોજ તૈયાર કરાયેલ, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી સાથે, મરણ નોંધ પણ જોડેલ હોય, આ તમામ બાબતો ને ધ્યાને લઈને, તેમની સદર અરજી ની વિધીસર ની અરજી ની નોંધણી કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના, તેમના ગામઃ સુવરડા ખાતેના સર્વે નંબરઃ ૨૪૭ મા, અગાઉ તા.૦૨–૦૨–૧૨ ના રોજ, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરાયેલ એવી મુળ તા.૦૨–૦૨–૧૨ ના રોજની, સામાન્ય યોજના હેઠળ ના, નવા, ૭.૫ હોપા ના ખેતીવાડી જોડાણ ની મુળ અરજી – જે તેઓ શ્રી ના '' પિતાશ્રી નરસંગભાઈ દેવાભાઈ ના નામના મુળ ખેતીવાડી સર્વે નંબર : ૮૫ / ૧ પૈકી ૧ મા કરાયેલ એવી '' નોંધાયેલ અરજી, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા સમયે – સદર મુળ ખેતીવાડી સર્વે નંબર : ૮૫ / ૧ પૈકી ૧ – જે, મુળ માલીક અને મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા – કે જેમનુ તા.૧૨–૧૨–૧૧ ના રોજ અવસાન થયેલ હોય – આવા કારણોસર મુળ ગ્રાહક શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ના સીધીલીટી ના વારસદારો માહેના – ૦૧ વારસદાર ( પુત્ર) એવા શ્રી બાલેશ નરસંગ છૈયા એ – સદર મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી ને – તેમના સ્વ. પિતાશ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ના નામ પરથી તેમના એટલેકે શ્રી બાલેશ નરસંગ છૈયા ના નામ પર – નામ બદલી મેળવવા માટે ની વિધીસર ની અરજી, જે રૂ.૩૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને તા.૦૯–૧૨–૧૬ ના રોજ પીજીવીસીએલ માં રજુ કરી આપેલ હતી. |
| ૨.૨ | જેથી, પીજીવીસીએલ તરફથી, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, સદર મુળ તા.૦૨–૦૨–૧૨ ની અરજી ને, મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ના નામ પરથી – તેમના પુત્ર અને સીધીલીટી ના વારસદાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા ના નામે નામ બદલી ની મંજુરી આપી – અને મંજુરી સબબ ની કુલ રકમ રૂ.૮,૮૬૦/– નુ ભાવપત્રક નં.૧૧૯૭ જે, નામ બદલી મેળવનાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા ને તા.૧૮–૦૪–૧૭ ના રોજ આપવામા આવેલ હતુ. નામ બદલી મંજુરી મેળવનાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા એ પીજીવીસીએલ મા તા.૦૩–૦૫–૧૭ ના રોજ સદર ભાવપત્રક ની રકમ રૂ.૮,૮૬૦/– જે પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. અને ત્યારબાદ, તા.૧૩–૦૫–૧૭ ના રોજ, નામ બદલી મેળવનાર એવા – નવા આગંતુક ગ્રાહક એવા શ્રી બાલેશ નરસંગ છૈયા એ – પોતાની સહી થી, સદર નામ બદલી વાળા નવા જોડાણ નુ કરારનામુ પણ તા.૧૩–૦૫–૧૭ ના |

| | |
|---|---|
| | રોજ કરી આપેલ હતુ. |
| <u>૨.૩</u> | જેથી, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે નો, નામ બદલી મંજુર કરાયેલ કેઈસ, જે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, જે સક્ષમ એવી વિભાગીય કચેરી સમક્ષ વિશેષ ચકાસણી કરવા માટે રજુ કરાયેલ હતો. સક્ષમ વિભાગીય કચેરી કક્ષાએથી, સદર નામ બદલી કેઈસ ની ચકાસણી કરવામા આવતા – સક્ષમ વિભાગીય કચેરી ની ચકાસણી દરમ્યાન – ખાસ બાબત જણાયેલ હતી કે – '' મુળ ગ્રાહક એવા નરસંગભાઈ દેવાભાઈ છૈયા – કે જેમનુ અવસાન તા.૧૨–૧૨–૧૧ ના રોજ થયેલ હોવા છતા – અવસાન થયા તા.૧૨–૧૨–૧૧ પછી ની તા.૦૨–૦૨–૧૨ ના રોજ – અવસાન પામેલ એવા વ્યકિત શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ની સહી સાથે ની, મુળ અરજી, જે રૂ.૨૦૦/– નોધણીચાર્જ, જે રસીદન.: ૩૪૬૮૬૯૯, જે તા.૦૨–૦૨–૧૨ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને અરજી નોધાવેલ હતી. '' આમ, મુળ સ્વ. અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ની સહી સાથે ની. અરજી – જે મુળ અરજદાર શ્રી ના તા.૧૨–૧૨–૧૧ ના રોજ અવસાન થયા બાદ – તા.૦૨–૦૨–૧૨ ના રોજ – અવસાન થયેલ વ્યકિત ની સહી સાથે નોધાયેલ હોય – આમ, આ મુળ તા.૦૨–૦૨–૧૨ ના રોજ ની નોંધાયેલ અરજી, જે કાયદાકીય રીતે માન્ય રાખવા યોગ્ય ન હોવાનુ મંતવ્ય, જે વિભાગીય કચેરી કક્ષાએથી થયેલ હતુ. |
| <u>૨.૪</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, સદર મુળ તા.૦૨–૦૨–૧૨ ની અરજી વાળો, અને ત્યારબાદ તા.૧૮–૦૪–૧૭ ના રોજ નો, પેઈડ પેન્ડીગ હેઠળ નો મંજુર કરાયેલ નામ બદલી કેઈસ, જે મુળ માથી જ, બીન પાયેદાર હોય, પીજીવીસીએલ તરફથી સદર સમગ્ર કેઈસ, રદબાતલ કરી, અને સદર નામ બદલી મંજુરી ની અગાઉ તા.૧૮–૦૪–૧૭ ના રોજ ભરપાઈ કરાયેલ એવી કુલ રકમ રૂ.૮,૮૫૦/– માથી, નિયમાધીન રીતે પરત આપવા પાત્ર રકમ, અરજદાર શ્રી ને પરત આપી, અને તે મુજબ સદર મુળ તા.૦૨–૦૨–૧૨ ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી વાળો સમગ્ર કેઈસ રદબાતલ કરવા યોગ્ય હોવાનો ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ થયેલ છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ના પિતાશ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ની, તેમના ગામ: સુવરડા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર મા, જે સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મુળ અરજી, જે નિયત અરજી ફોર્મ સાથે તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની વિધીસર ની અરજી, જે પીજીવીસીએલ ની સબંધક હાપા પેટા વિભાગીય કચેરી મા રજુ થયેલ હતી. જેથી, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી સદર અરજી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી ચકાસણી કરાયા બાદ, ઈ–ઉર્જા પ્રણાલી હેઠળ એસ.આર. નં. ૩૪૬૮૬૯૯ તા.૧૨–૧૨–૧૧ થી, ચકાસણી ની કાર્યવાહી સંપન્ન કરાયેલ હતી. જેથી, અરજદાર શ્રી એ, તા.૧૨–૧૨–૧૧ ના રોજ પીજીવીસીએલ દ્વારા ચકાસણી કરવામા આવેલ એવી સદર અરજી નો નોંધણીચાર્જ, જે રૂ.૨૦૦/– જે રસીદ નં.: ૬૩૬૫૯૮, તા.૦૨–૦૨–૧૨ થી ભરપાઈ કરેલ હતો. આમ, અરજદાર શ્રી ની સદર અરજી, જે અગાઉ તા.૧૨–૧૨–૧૧ ના રોજ ચકાસણી દરમ્યાન માન્ય રહેતા, સદર અરજી ને, તા.૧૨–૧૨–૧૧ ના રોજ રજીસ્ટ્રેશન ન કરવાને બદલે, તા.૧૨–૧૨–૧૧ પછી ના, આશરે ૫૩ દિવસો બાદ ની તા.૦૨–૦૨–૧૨ ના રોજ, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ વસુલ કરીને અરજી નોંધેલ હતી. મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા નુ, તા.૧૨–૧૨–૧૧ ના રોજ અવસાન થયેલ છે. આ બાબત રેકર્ડ આધારીત છે. જયારે, મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ની અરજી, જે મૃત્યુ તા.૧૨–૧૨–૧૧ ના દિવસે જ કચેરી ની ઈ–ઉર્જા હેઠળ ની મંજુરીની પ્રક્રીયા મા આવરી લેવાયેલ છે. જેથી, એ બાબત સ્પષ્ટ છે કે, તા.૧૨–૧૨–૧૧ ના રોજ કચેરી મા ઈ–ઉર્જા હેઠળ આવરી લેવાયેલ સદર અરજી, જે તા.૧૨–૧૨–૧૧ પહેલા, એટલેકે મુળ અરજદાર શ્રી ના અવસાન તા.૧૨–૧૨–૧૧ પહેલા જ, તેમની સહી સાથે ના કાગળો, જે સદર અરજી માટે અગાઉ તૈયાર જ હતા, અને ત્યારબાદ કચેરી મા રજુ થતા, કચેરી મા તા.૧૨–૧૨–૧૧ ના રોજ સદર અરજી મંજુરીની પ્રક્રીયા આવરી લેવાયેલ હતી. આમ, સદર બાબત થી એ સ્પષ્ટ થયેલ છે કે, મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા એ, નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૧૨–૧૨–૧૧ ના રોજ ઈ–ઉર્જા હેઠળ મંજુર કરાયેલ અને તા.૦૨–૦૨–૧૨ ના રોજ નોધાયેલ એવી અરજી મા, મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા એ જ સહી કરેલ હોવાની બાબત સ્પષ્ટ હોય, તે મુજબ ની છે. |

| | |
|---|---|
| **૩.૨** | ત્યારબાદ, મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ની તા.૦૨–૦૨–૧૨ ના રોજ નોધાયેલ એવી નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે મંજુરીની પ્રક્રીયા હેઠળ આવતા પહેલા, મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા નુ અવસાન થયેલ હોવાના કારણોસર – ''તેમના સીધીલીટી ના વારસદાર એવા ફરીયાદી અરજદાર શ્રી બાલેશ નરસંગ છૈયા ની – સીધીલીટી ના વારસદાર ના રૂએ – પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા – નામ બદલી ની વિધીસર ની અરજી – કે જે નામ બદલી ની અરજી સાથે – નામ બદલી મેળવનાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા એ – તેમના પિતાશ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ના અવસાન ની નોધ સાથે – તેમના પિતાશ્રી ના અન્ય સીધીલીટી ના વારસદારો એવા તમામ – કુલ ૦૮ સીધીલીટી નાં વારસદારો ના – રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર પર સંમતીપત્ર – તેમજ માંગણી મુજબ નો સર્વે નંબર: – ખેતીવાડી સર્વે નંબર : ૮૫ / ૧ પૈકી ૧ જે – નામ બદલી મેળવનાર બાલેશ નરસંગ છૈયા ના નામ પર આવેલ હોય તેને સમર્થન આપતા તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની નામ બદલી ની વિધીસર ની અરજી – '' જે રૂ.૩૦૦/– નોધણીચાર્જ, જે તા.૦૯–૧૨–૧૬ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરીને સબંધક કચેરી મા રજુ કરેલ હતી. સદર નામ બદલી ના કેઈસ ને, જે તે સમયે ચકાસણી કર્યા બાદ, સક્ષમ કચેરી તરફથી મંજુરી પણ અપાયેલ હતી. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે નો નામ બદલી નો કેઈસ, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી નિયમાધીન ચકાસણી બાદ સ્વીકાર્યા બાદ, સક્ષમ કચેરી સમક્ષ રજુ થતા, સક્ષમ કચેરી દ્વારા મંજુર કરાતા – ફરીયાદી અરજદાર શ્રી અને સીધીલીટી ના વારસદાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા ના નામે, નામ બદલી ની મંજુરી સાથે નુ – એટલેકે સદર મુળ તા.૦૨–૦૨–૧૨ ની અરજી ને મુળ અરજદાર શ્રી નરસંગભાઈ દેવાભાઈ છૈયા ના નામ પરથી, તેમના સીધીલીટી ના વારસદાર અને પુત્ર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા ના નામે, નામ બદલી મંજુરી સબબની રૂ.૮,૮૬૦/– નુ ભાવપત્રક તા.૧૮–૦૪–૧૭ ના રોજ અપાયેલ હતુ. આમ, સદર નામ બદલી નો કેઈસ, જે તે સમયે, ખુદ પીજીવીસીએલ ની સબંધક / સક્ષમ કચેરી તરફથી મંજુર કરાતા, નામ બદલી મેળવનાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા એ સદર નવા જોડાણ ની – નામ બદલી સાથે ની મંજુરી ના ભાવપત્રક ની રકમ રૂ.૮,૮૬૦/–, જે તા.૧૩–૦૫–૧૭ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતુ. અને નવા આગંતુક ગ્રાહક શ્રી બાલેશ નરસંગ છૈયા એ – મુળ તા.૦૨–૦૨–૧૨ ના રોજ નોધાયેલ એવી તેમના પિતાશ્રી નરસંગભાઈ દેવાભાઈ ના નામની, મુળ અરજી, જે નામ બદલી અન્વયે મંજુર કરાયેલ હોય, નામ બદલી મંજુરી મેળવનાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા એ – સદર નવા ખેતીવાડી વીજજોડાણ મંજુરી બાદ – તા.૧૩–૦૫–૧૭ ના રોજ પીજીવીસીએલ સાથે કરારનામુ પણ કરી આપેલ હતુ. |
| **૩.૪** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે નો નામ બદલી નો કેઈસ – જે મુદદા નં. ૩.૧ મા વર્ણવ્યા મુજબ ની રેકર્ડ આધારીત વિગતો અને સમગ્ર બાબતો ને આવરી લેવાયેલ એવો – સદર નામ બદલી કેઈસ – જે પીજીવીસીએલ કક્ષાએથી જ અગાઉ મંજુર કરાયેલ છે. સદર નામ બદલી કેઈસ, જે નામ બદલી ને આનુષાંગીક એવા તમામ દસ્તાવેજીક પેપર્સ અને સંમતીપત્ર મુજબ પણ યથાથ અને યોગ્ય છે. અને હાલ ના તબ્બકે, પેઈડ પેન્ડીગ હેઠળ પડતર રહેલ છે. આવા હાલ ના તબ્બકા ના વાસ્તવિક કારણોસર, પીજીવીસીએલ ની સબંધક સક્ષમ કક્ષાએથી – અગાઉ મુળ તા.૦૨–૦૨–૧૨ ની અરજી સમયે – મૃત અરજદાર ના નામની કરાયેલ મુળ અરજીમા મૃતક ની સહી કરાયેલ હોવા બાબત ની ક્ષતિ, જે રેકર્ડ આધારીત બાબતે સમર્થન ન આપતી હોવા છતા, પીજીવીસીએલ તરફથી – જે વર્ષ–૨૦૧૨ પછી – ૦૫ વર્ષ બાદ, સદર કેઈસ મા, ક્ષતિ ઉભી કરવાની બાબત – જે વિલંબીત સમયગાળા બાદ ની જ બાબત હોવાનુ, જે ફોરમ કમિટી ને સ્પષ્ટ જણાયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર ની આ મુજબ ની બાબત, ફોરમ કમિટી ને યોગ્ય અને વ્યાજબી જણાયેલ નથી. |
| **૩.૫** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ થી ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતો અને બાબતો, જે અગાઉ અને હાલ ના તબ્બકે – ખુદ પીજીવીસીએલ કક્ષાએથી જ નામ બદલી મંજુર કરાયેલ છે. અને આ મંજુરી સબબ ના તમામ દસ્તાવેજીક પેપર્સ પણ પીજીવીસીએલ કક્ષાએ ઉપલબ્ધ છે. વિશેષ મા, સદર નામ બદલી કેઈસ મા – મૃતક અરજદાર શ્રી ના, તમામ સીધીલીટી ના વારસદારો ની રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતી પણ છે. આમ, અગાઉ મૃતક અરજદાર શ્રી ની મુળ તા.૦૨–૦૨–૧૨ ની અરજી, અને ત્યારબાદ ની હાલ ના તબ્બકા ની શ્રી બાલેશ નરસંગ છૈયા ના નામે નામ બદલી થયેલ સદર અરજી બાબતે – હાલ ના તબ્બકે પણ, મૃતક અરજદાર શ્રી ના અન્ય વારસદારો ને પણ કોઈ કાયદાકીય વાંધો નથી, પરંતુ મૃતક અરજદાર શ્રી ના તમામ વારસદારો આ નામ બદલી બાબતે સંમત પણ છે. આવા, હાલ ના તબ્બકા ના વાસ્તવિક અને દસ્તાવેજીક કારણોસર નો સદર કેઈસ –જે મુળ તા.૦૨–૦૨–૧૨ ની અરજી રદબાતલ કરવાની બાબત પીજીવીસીએલ પક્ષકાર માટે યોગ્ય નથી, તેવુ ફોરમ કમિટી નુ સ્પષ્ટ મંતવ્ય છે. અને આ કેઈસ મા, મુળ અરજી ની નોંધણી ની પ્રક્રીયા, જે તા.૧૨–૧૨–૧૧ ના રોજ સંપન્ન થયેલ છે, ત્યારબાદ, તા.૦૨–૦૨–૧૨ ના રોજ મુળ અરજી ની નોંધણી થયેલ છે, અને ત્યારબાદ, તા.૧૮–૦૪–૧૭ ના રોજ સદર અરજી મા નામ બદલી ની મંજુરી અન્વયે નુ ભાવપત્રક પણ અપાયેલ છે. જેની રકમ તા.૧૩–૦૫–૧૭ ના રોજ ભરપાઈ થયા બાદ, નવા આગંતુક ગ્રાહકે તા.૧૩–૦૫–૧૭ ના રોજ કરારનામુ પણ કરેલ છે. આ તમામ બાબતો, રેકર્ડ આધારીત રીતે યોગ્ય હોવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી આ મુજબ નુ ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી રાહ હેઠળ નુ |

| | |
|---|---|
| | મંતવ્ય છે. |
| ૩.૬ | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ થી ૩.૫ મા વર્ણવ્યા મુજબ ની વિગતો નો નામ બદલી નો કેઈસ, સદર નામ બદ્લી નો મંજુર કેઈસ, જે પેઈડ પેન્ડીગ સ્થીતી હેઠળ ચાલુ રાખી, અને તે મુજબ સવાલવાળા – નામ બદલી ની મંજુરી મેળવનાર એવા શ્રી બાલેશ નરસંગ છૈયા ને – મુળ ખેતીવાડી સર્વે નંબર : ૮૫ / ૧ પૈકી ૧ અથવાતો હાલ ના તબ્બકે નો સદર સર્વે નંબર વિભાજીત થયેલ હોય તો – તે વિભાજીત થયેલ સર્વે નંબર મા – મુળ તા.૦૨–૦૨–૧૨ ની અરજી વાળુ નવા ૭.૫ હોપા નુ સામાન્ય ખેતીવાડી વીજજોડાણ – જે '' જોડાણ રીલીઝ કરવા માટે ની માંગણી મુજબ ની જગ્યા, તેમજ માંગણી મુજબ ના સીચાઈ નુ સ્થળ એટલેકે કુવો / બોર – ની અદ્યતન સ્થીતી ની માલીકી – જે નામ બદલી મેળવનાર એવા શ્રી બાલેશ નરસંગભાઈ છૈયા ની જ કાયદેસર ની માલીકી / ભોગવટા ની હોવા સબંધક – અદ્યતન સ્થીતી ના પંચાયત ના દાખલા મેળવીને – ખાસ કરીને, આ દસ્તાવેજીક પેપર્સ હાલ ના તબ્બકે – માત્ર કાયદાકીય રીતે જ, ફરી વખત મેળવવા ની બાબત – જે માત્ર અને માત્ર જરૂર જણાય તો જ – તેમજ સ્વર્ગસ્થ એવા મુળ અરજદાર ના અન્ય સીધીલીટી ના વારસદારો ની રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર પર નુ ફરી વખત, સંમતીજનક સહીઓ સાથે નુ સંમતીપત્ર – જે હાલ ના તબ્બકે, માત્ર કાયદાકીય રીતે ફરી વખત મેળવવા માટે ની બાબત જરૂર જણાયે તો જ – આ મુજબ નુ અન્ય વારસદારો નુ લેખીત સંમતીપત્ર મેળવીને '' – સદર જોડાણ, દિન–૨૦ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ ચાલુ કરી, અને તે મુજબ અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧,૩.૨,૩.૩,૩.૪ અને ૩.૫ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૬ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નો સદર નામ બદલી કેઈસ, જે ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી પણા હેઠળ માન્ય રાખીને– તે મુજબ અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ સદર જોડાણ, અરજદાર શ્રી, તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, સદર જોડાણ, દિન–૨૦ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ ચાલુ કરી – અને તે મુજબ અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.